**<u>અમદાવાદ(ગ્રામ્ય)ના એડી. સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ</u>**

**<u>ફોજદારી કેસ નં. 27792/2026</u>**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :** **મોહિત મહિપાલ યાદવ**

**<u>ગુન્હો : બોમ્બે પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ</u>**

(૧) સદરહું કામના આરોપી વિરુધ્ધ **બોમ્બે પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો આપી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કરેલ છે અને ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનુ જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની કબુલાતમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો દયાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–<u>::હુકમ::</u>–**

સદર કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૫ અન્વયે **બોમ્બે પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી)** ના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **બોમ્બે પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ ગુન્હા માટે આરોપી ને રૂા.૧૦૦/–** (અંકે રૂપીયા સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે અને જો દંડ ન ભરે તો **દિન – ૧** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ની સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ – અમદાવાદ.

**(એ.પી.કડીવાર)**
અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.,
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા.
જજ કોડ જી.જે. ૦૧૫૫૪